'આપ'નો લોકસભામાં ૩૦૦ બેઠક પર ચૂંટણી લડવા નિર્ણય

૧૦૦થી વધુ સીટ પર મજબુત સંગઠન : હરિયાણામાં ભારતીય કિસાન યુનિયનની સાથે મળીને ચૂંટણી લડાશે

નવી દિલ્હી,તા. ૩૦

આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર સફળતા મેળવ્યા બાદ હવે વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પણ મેદાનમાં ઉતરવા કમરકસી ચુક્યુ છે. લોકસભા ચૂંટણીમાં ૩૦૦ સીટો પર ચૂંટણી લડવાનો નિર્ણય આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવ્યો છે. પાર્ટીએ આશરે ૧૦૦ સીટો પર પોતાના સંગઠનની સ્થિતિને મજબુત કરી લીધી છે. પાર્ટી હરિયાણામાં ભારતીય કિસાન યુનિયનની સાથે મળીને ચૂંટણી લડશે. અનેક નવા લોકો પણ પાર્ટી સાથે જોડાવવા સતત પ્રયત્નશીલ બનેલા છે. યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ ક્રમશઃ ગુડગાવ અને નોઈડા તથા અલ્હાબાદમાંથી ચૂંટણી લડી શકે છે. આમ આદમી પાર્ટીના નેતા કુમાર વિશ્વાસ ઉત્તરપ્રદેશની અમેઠી સીટથી લોકસભાની ચૂંટણી લડવા ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. ટીકીટ માટે કુમાર વિશ્વાસે અરજી આપી દીધી છે. પક્ષના સુત્રોનું કહેવું છે કે આગામી ૧૦થી ૧૫ દિવસમાં ઉમેદવારોના નામની યાદી જાહેર કરી દેવામાં આવશે.

આમ આદમી પાર્ટીએ ગુરુવારના દિવસે આગામી લોકસભાની ચૂંટણી માટે પાર્ટીની ટિકિટ મેળવવા ઈચ્છુક લોકો માટે એક અરજીપત્ર જારી કરીને માહિતી આપી હતી. યોગેન્દ્ર યાદવે કહ્યુ હતુ કે પાર્ટી એવા જ લોકોની અરજી સ્વીકારશે જે લોકો કોઈ પણ પ્રકારની અપરાધિક ગતિવિધિમાં સામેલ નથી. માત્ર ઈમાનદાર લોકોને જ તક આપવામાં આવશે. આ અરજી પત્રમાં જુદા જુદા મુદ્દાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં પરિવારની સમગ્ર વિગત આપવી પડશે. ઉમેદવારને પોતાના લોકસભા ક્ષેત્રમાં આવતી દરેક વિધાનસભા ક્ષેત્રમાંથી ૧૦૦-૧૦૦ વ્યક્તિઓના હસ્તાક્ષર સાથે અરજી આપવી પડશે. આમ આદમીની વેબસાઈટ પર અરજીપત્રક અંગ્રેજી અને હિંદી ભાષા બંનેમાં ઉપલબ્ધ છે.

મોદીને વડાપ્રધાન બનાવવા મદદરૂપ થવાની ઈચ્છા છે

ભાજપમાં સામેલ થઈને સેવા કરવા ઇચ્છુક : ભાજપના નેતા દ્વારા લોબી શરૂઃ રાજનાથસિંહ અંતિમ નિર્ણય કરશે

બેંગ્લોર,તા. ૩૦

કર્ણાટક જનતા પાર્ટીના વડા બીએસ યેદિયુરપ્પાએ આજે કહ્યુ હતુકે કર્ણાટકમાં લોકો ઈચ્છે છે કે તેઓ ફરી એકવાર ભાજપમાં સામેલ થઈ જાય. પત્રકારો સાથે વાતચીત કરતા કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે રાજ્યમાં જે કાંઈ પણ થયા બાદ હવે લોકો તેમને કહેવા લાગ્યા છે કે ભાજપમાં સામેલ થઈને જ યોગ્યરીતે સેવા કરી શકાય છે.

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને દેશના વડાપ્રધાન બનાવવા માટે મદદ કરવામાં આવે તે અતિ જરૂરી છે. તેમની રાજકીય પાર્ટી કેજેપીનો અંત લાવવાનો સંકેત આપતા યેદિયુરપ્પાએ કહ્યુ હતુ કે કેજેપીના ભાવિ અંગે વાત કરવાનો કોઈ હેતુ નથી કારણ કે તેમની પાર્ટી ભાજપ સાથે મર્જ થઈ જશે. ૩૦મી નવેમ્બર ૨૦૧૨ના દિવસે ભાજપના વિધાનસભાના સભ્ય તરીકે રાજીનામુ આપી દીધા બાદ યેદિયુરપ્પાએ કેજેપીની રચના કરી હતી. ભાજપ સાથે છેડો ફાડી લેનાર યેદીયુરપ્પાએ આજે કહ્યુ હતુ કે ભૂતકાળના બનાવોને ભૂલી જવામાં આવે તે જરૂરી છે. તેઓ ભાજપ માટે ફરી કામ કરવા માટે ઈચ્છુક છે. ગેરકાયદે માઈનીંગ મામલે લોકાયુક્તના અહેવાલમાં ભ્રષ્ટાચાર માટે તેમને દોષિત ઠેરવવામાં આવ્યા બાદ પાર્ટી લિડરશીપ દ્વારા તેમને રાજીનામુ આપી દેવા કહેવામાં આવ્યુ હતુ. ઘણા દિવસ સુધી રાજીનામુ આપવા ઈન્કાર કર્યા બાદ આખરે યેદિયુરપ્પાએ રાજીનામુ આપ્યુ હતુ. ગયા સપ્તાહમાં જ કર્ણાટક ભાજપના પ્રમુખ પ્રહલાદ જોશીએ કહ્યુ હતુ કે આ સંદર્ભમાં અંતિમ નિર્ણય રાજનાથસિંહ દ્વારા લેવામાં આવશે. મુખ્યમંત્રી તરીકે ઓગસ્ટ ૨૦૧૧માં યેદિયુરપ્પાની જગ્યા લેનાર ગૌડા સહિત કર્ણાટક ભાજપના નેતાઓ પણ પક્ષમાં ભૂતપૂર્વ નેતાની એન્ટ્રી માટે જોરદાર લોબી ચલાવી રહ્યા છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે યેદિયુરપ્પાની ફરી એન્ટ્રીને લઈને અટકળો શરૂ થઈ ગઈ છે.

રેલવેમાં એફડીઆઈને મંજુરી આપવાની યુપીએની હિલચાલ

નવી દિલ્હી,તા. ૩૦

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે યુપીએ સરકાર છેલ્લી ઘડીના અસરકારક પગલાના પ્રયાસોરૂપે રેલવેમાં વિદેશી મૂડીરોકાણને મંજુરી આપવાની દિશામાં આગળ વધવા જઈ રહી છે. રેલવેમાં એફડીઆઈને યુપીએ સરકારની નવા વર્ષની ભેટ કરીતે ગણવામાં આવે છે. વિરોધ પક્ષો આને લઈને હોબાળો મચાવી શકે છે. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિ આ અંગેની દરખાસ્તને લીલીઝંડી આપે તેમ માનવામાં આવે છે. મૂળભૂત દરખાસ્ત રેલવેમાં ૧૦૦ ટકા એફડીઆઈની રાખવામાં આવી હતી પરંતુ મર્યાદાને કેટલાક કેસોમાં ઘટાડીને ૭૪ ટકા કરવામાં આવે તેવી શક્યતા છે. એવું જાણવા મળી રહ્યુ છે કે વ્યાપક વિલંબ અને નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યા બાદ રેલવે મંત્રાલય દ્વારા ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશન(ડીઆઈપીપી) દ્વારા તૈયાર કરવામાં આવેલી કેબિનેટ નોંધને મંજુરી આપી દીધી છે. વાણિજ્ય મંત્રાલય હેઠળ ડીઆઈપીપી કામ કરે છે. આ નોંધ કેન્દ્રિય કેબિનેટને પણ મોકલી દેવામાં આવી છે. વરિષ્ઠ અધિકારીએ આ અંગેની માહિતી આપતા કહ્યુ છે કે આ દરખાસ્ત વડાપ્રધાનની કચેરી અને કેબિનેટ સેક્રેટરી સમક્ષ પેન્ડિંગ પડેલી છે. સીસીઈએ બીજી જાન્યુઆરી અથવા તો નવમી જાન્યુઆરીના દિવસે આ સંદર્ભમાં નિર્ણય લઈ શકે છે. રેલવેની લાંબા ગાળાની માંગણીને પણ ધ્યાનમાં લેવામાં આવી શકે છે. તેના મુસદ્દામાં ડીઆઈપીપી દ્વારા ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી હતી. વિદેશી નાણાંનો ઉપયોગ નિર્માણ અને રેલવે પ્રોજેક્ટોનો જાળવી રાખવા માટે કરવામાં આવશે. રેલવેની હાલત છેલ્લા ઘણા સમયથી કફોડી બનેલી છે. રેલવે પીપીપી પ્રોજેક્ટ મારફતે ૯૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે.

હાલ નવી સત્તા મળ્યા બાદ કેજરીવાલ હવામાં જ ઉડે છે

કેજરીવાલ અને નરેન્દ્ર મોદી એવા ડ્રમ છે જેમનો અવાજ ઓરકેસ્ટ્રામાં રહેલા લોકો સમજી શકે : સલમાન ખુરશીદ

ફરુકાબાદ,તા. ૩૦

કેન્દ્રિય પ્રધાન સલમાન ખુરશીદે આજે કહ્યુ હતુ કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલમાં જ મળેલી સત્તાને લઈને હવામાં ઉડી રહ્યા છે.

સલમાન ખુરશીદે આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલ અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને એવા ડ્રમ તરીકે ગણાવ્યા હતા જેમનો અવાજ ઓરકેસ્ટામાં રહેલા લોકો દ્વારા જ સાંભળવામાં આવે છે. દિલ્હીમાં લોકોની ફરિયાદને દૂર કરવા માટે એક નવી વ્યવસ્થા અમલમાં મૂકવાની કેજરીવાલે વાત કર્યા બાદ આ અંગે પ્રતિક્રિયા આપતા સલમાન ખુરશીદે કહ્યુ હતુ કે કોઈ પણ સરકાર ભાવના પર ચાલી શકે નહીં. દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી નવી મળેલી સત્તાઓ અને જીતને લઈને હવામાં ઉડી રહી છે. નરેન્દ્ર મોદી અને અરવિંદ કેજરીવાલ એવા ડ્રમ સમાન છે જેને એ જ લોકો સમજી શકે છે જે ઓરકેસ્ટ્રામાં રહે છે. પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ દ્વારા આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સમજૂતિ કરાવવામાં ભૂમિકા ભજવી હતી તેવા નીતિન ગડકરીના આક્ષેપને ફગાવી દેતા તેમણે કહ્યુ હતુકે ભાજપના નેતાએ આવી વ્યક્તિનું નામ આપવું જોઈએ. ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા મુજફ્ફરનગરમાં રાહત કેમ્પમાંથી હિંસાગ્રસ્ત લોકોના બળજબરીપૂર્વક ખદેડી મૂકવાને અમાનવીય તરીકે ગણાવીને ખુરશીદે કહ્યુ હતુ કે તેમને તેમના આવાસ પર મોકલવાની બાબત યોગ્ય છે પરંતુ જે પદ્ધતિ અપનાવવામાં આવી છે તે ખોટી છે.તેઓ સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવના એવા નિવેદનની પણ ઝાટકણી કાઢી હતી જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે રાહતકેમ્પોમાં કાવતરાખોરો રહે છે. તેમણે કહ્યુ હતુ કે આ પ્રકારના સૂચન બિલકુલ ખોટા છે. ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર અંગે પ્રતિક્રિયા કરતા તેમણે કહ્યુ હતુ કે આ બાબત અગાઉ પણ બની ચુકી છે પરંતુ પાર્ટી હંમેશા વધુ મજબુત બનીને ઉભરી છે.

સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીથી લોકોને કોઈ જ રાહત ન મળી

જમ્મુ કાશ્મીર, હિમાચલમાં ઘણા વિસ્તારમાં માઈનસમાં તાપમાન : માઉન્ટ આબુમાં પ્રવાસીઓના ધસારાને અસર

નવી દિલ્હી,તા. ૩૦

સમગ્ર ઉત્તરભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. રાજસ્થાનમાં આજે પણ તીવ્ર ઠંડીથી લોકોને કોઈ રાહત મળી ન હતી જેના કારણે જનજીવન ખોરવાઈ ગયુ હતુ. ચુરુમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ હતી.

અહીં માઈનસ એક ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. મેદાની ભાગોમાં પણ તાપમાન ખૂબ નીચી સપાટીએ પહોંચી ગયુ છે જ્યારે પિલાણી અને માઉન્ટ આબુમાં લઘુત્તમ તાપમાન ૦.૫ અને ૧ ડિગ્રી નોંધાયુ હતુ આના કારણે પાણી પુરવઠાને માઠી અસર થઈ હતી. પાણી બરફના સ્વરૂપમાં ફેરવાઈ જતા તકલીફ ઉભી થઈ હતી. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ માઉન્ટ આબુમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો હતો પરંતુ તીવ્ર ઠંડીના કારણે અસર થઈ છે. માઉન્ટ આબુમાં નખ્ખી સરોવરમાં પાણી બરફના સ્વરૂપમાં ફેરવાઈ જતા લોકો જોવા માટે ઉમટી પડ્યા છે.

કોટા, બારન, બુંદીમાં પણ હળવો વરસાદ થયો છે જેથી ઠંડીમાં વધારો થયો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યના પૂર્વિય ભાગોને માઠી અસર થઈ છે. બીજી બાજુ હવામાન વિભાગે કહ્યુ છે કે વરસાદની સિઝનના કારણે ખાસ કરીને ઘઉંના પાકને લાભ થઈ શકે છે. લઘુત્તમ તાપમાન રાજ્યના બાકીના ભાગમાં ૧૦ ડિગ્રીની આસપાસ થયુ છે. જયપુરમાં તાપમાન સાત ડિગ્રી થયુ છે. રાજસ્થાન ઉપરાંત પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર પણ તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન થયુ છે. ધૂમ્મસની ચાદર છવાતા વાહન વ્યવહારને માઠી અસર થઈ છે. તાજેતરમાં જ દિલ્હી અને અન્ય ભાગોમાં ધૂમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ હતી. હિમાચલમાં ઉંચાણવાળા ભાગોમાં હિમ વર્ષા પણ થઈ છે. જમ્મુ કાશ્મીરમાં પણ ઉંચાણવાળા ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે.

ડરબન ટેસ્ટમાં ભારત પર આફ્રિકાની ૧૦ વિકેટે જીત

ડરબન,તા. ૩૦

ડરબનના મેદાન ખાતે રમાયેલી બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં આજે આફ્રિકાએ ભારત પર ૧૦ વિકેટે જીત મેળવી લીધી હતી. જીતવા માટેના માત્ર ૫૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા આફ્રિકાએ કોઈ પણ વિકેટ ગુમાવ્યા વગર આ રન ૧૧.૪ ઓવરમાં બનાવી લીધા હતા. સ્મિથ ૨૭ અને પીટરસન ૩૧ રન સાથે અણનમ રહ્યા હતા. અગાઉ ભારતીય ટીમ આજે આશ્ચર્યજનક રીતે ૨૨૩ રન બનાવીને ઓલ આઉટ થઈ જતા ભારતની હાર નિશ્ચિત બની હતી.

બસને ટાર્ગેટ બનાવી પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ : ૧૦ના મોત

બ્લાસ્ટમાં અન્ય અનેક નાગરિક ઘાયલ : કોઈ પણ સંગઠને હુમલાની જવાબદારી સ્વીકારી નહીં : બીજા દિવસે હુમલો

મોસ્કો,તા. ૩૦

રશિયાના વોલ્ગોગ્રાદ શહેરમાં રેલવે સ્ટેશન પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે ફરી એકવાર રશિયા બસમાં બ્લાસ્ટથી હચમચી ઉઠ્યુ હતુ. ફરી એકવાર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. આ આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા હતા. આ હુમલાની જવાબદારી હજુ સુધી કોઈ પણ સંગઠને સ્વીકારી નથી. ગઈકાલે વોલ્ગોગ્રાદ રેલવે સ્ટેશન પર કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં ૧૬ લોકો માર્યા ગયા હતા અને ૫૦ લોકો ઘાયલ થયા હતા. આ વર્ષે ઓક્ટોબર મહિનામાં પણ એક આત્મઘાતી મહિલા બોમ્બરે વોલ્ગોગ્રાદમાં બસમાં હુમલો કર્યો હતો જેમાં ૬ લોકોના મોત થયા હતા. રશિયામાં કટ્ટરપંથી સંગઠનો હુમલાઓને લઈને સરકાર ચિંતાતુર બનેલી છે. કારણ કે આગામી વર્ષે ફેબ્રુઆરીમાં સોચી શહેરમાં વર્ષ ૨૦૧૪ના વિન્ટર ઓલમ્પિકનું આયોજન કરવામાં આવી ચુક્યુ છે. જુલાઈ મહિનામાં ચેચન બળવાખોર લિડર ઉમારોફે ઓનલાઈન વિડિયો પોસ્ટ કરીને ઓલમ્પિક આયોજનને રોકી દેવા પૂરી તાકાત લગાવી દેવા કટ્ટરપંથીઓને અપીલ કરી હતી.

એક રેલવે સ્ટેશન પર ગઈકાલે એક મહિલા આત્મઘાતી હુમલાખોરે ભીષણ હુમલો કર્યા બાદ આ હુમલાની તપાસ આગળ વધે તે પહેલા જ વધુ એક હુમલો બોમ્બ મારફતે આજે કરી દઈને રશિયન સુરક્ષાતંત્રની કટ્ટરપંથીઓએ ઉંઘ હરામ કરી દીધી છે. ગઈકાલના આ હુમલામાં ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થઈ ગયા હતા અને અન્ય અનેક લોકો ઘાયલ થયા હતા. ઘાયલો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સમાચાર સંસ્થાના જણાવ્યા મુજબ ગઈકાલે આત્મઘાતી હુમલો ઉત્તરીય કોકેસસની નજીક વોલ્ગોગ્રાદમાં થયો હતો. ગઈકાલના બ્લાસ્ટ બાદ તમામ જગ્યાઓએ આજે પણ સુરક્ષા વ્યવસ્થા મજબુત રાખવામાં આવી હતી. લોકોમાં વ્યાપક દહેશત પણ દેખાઈ હતી. આ બ્લાસ્ટ પાછળ બ્લેક વીડો સંગઠનનો હાથ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

મહાન અભિનેત્રી સુચિત્રા સેનની હાલત ગંભીર

સારવાર માટે તબીબોની ટીમ રચાઈ : ફેંફસામાં ફલુઈડ જમા થતાં તકલીફ : સુચિત્રા ડાયાબિટીસના પણ દર્દી છે

કોલકાતા,તા.૩૦

મહાન અભિનેત્રી સુચિત્રા સેનની હાલત ગંભીર બનેલી છે. રવિવારે મોડી રાત્રે તબિયત વધારે ખરાબ થયા બાદ સુચિત્રા સેનને જનરલમાંથી ક્રિટિકલ કેર યુનિટમાં ખસેડવામાં આવી હતી. તબીબોનું કહેવું છે કે તેમની હાલત ગંભીર બનેલી છે. તેમના ફેંફસામાં પ્રવાહી એકત્રિત થઈ જવાના કારણે આ પ્રકારની સ્થિતિ સર્જાઈ છે. હોસ્પિટલના સૂત્રોનું કહેવું છે કે સુચિત્રા સેનને ઓક્સિજન અને એન્ટીબાયોટિક ઉપર રાખવામાં આવ્યા છે.

ડાયાબિટીસના દર્દી હોવાના કારણે તેમની તકલીફ વધી ગઈ છે. મોડી રાત્રે સૂચિત્રા સેનને તબિયત વધારે ખરાબ થયા બાદ ક્રિટિકલ કેર યુનિટમાં ખસેડવામાં આવ્યા હાત. સુચિત્રા સેનને શ્વાસ લેવાની તકલીફ અને ઈન્ફેક્શનની અસર દેખાયા બાદ બેલેઉ ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા હતા. શનિવાર બાદથી સુચિત્રા સેનની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો નથી. તબીબી ટીમની રચના પણ કરવામાં આવી છે. ૮૨ વર્ષીય આ મહાન અભિનેત્રીને સારવાર માટે વિશેષ ટીમ બની છે. આ અભિનેત્રી એક દશકથી ખરાબ તબિયત હેઠળ રહ્યા છે. વર્ષ ૨૦૧૨માં સુચિત્રા સેનને છેલ્લે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. એ વખતે તેમને ફેક્ચરની અસર થઈ હતી.

જો કે સર્જરી બાદ તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. ૮૨ વર્ષીય અભિનેત્રી હવે એકાંતિ જીવન જીવે છે. મોટાભાગે પોતાના એપાર્ટમેન્ટમાં જ રહેતા હતા. આ સપ્તાહની શરૂઆતમાં જ તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. કાર્યિયોલોજીસ્ટ સુભ્રતા મોહિત્રા દ્વારા સારવાર આપવામાં આવી રહી છે. તબીબોનું કહેવું છે કે જુદા જુદા સ્કેન ટેસ્ટ પણ કરવામાં આવી ચૂક્યા છે. તેમની તબીયત વધારે ખરાબ થયા બાદ તેમના ચાહકોમાં પણ ચિંતાનું મોજું છે.

ઉથલપાથલ વચ્ચે સેન્સેક્સમાં ૫૦ પોઈન્ટનો ફરીવાર ઘટાડો

મુંબઈ,તા. ૩૦

શેરબજારમાં આજે કારોબારના અંતે મંદી જોવા મળી હતી. સેન્સેક્સ ૫૦ પોઈન્ટ ઘટીને ૨૧૧૪૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૩ પોઈન્ટ ઘટીને ૬૨૯૧ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સના જે શેરમાં તીવ્ર ઉછાળો નોંધાયો હતો તેમાં ભેલ અને કોલ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. આ બંનેમાં ૨.૬-૩.૫ ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો. શેરબજારમાં આજે ભારે ઉથલપાથલ રહી હતી. મોટા ભાગના શેરોમાં મંદી રહી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફુગાવાના સંદર્ભમાં અહેવાલ જારી કર્યા બાદ અફડાતફડી રહી હતી. એક વખતે બપોરના ગાળામાં બજાર ખૂબ નીચી સપાટીએ પહોંચ્યુ હતુ. ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી રિપોર્ટ આરબીઆઈએ રજુ કર્યા બાદ બજારમાં ચિંતા રહી હતી. વિકાસમાં ધીમી ગતિ અને ઉંચા ફુગાવાના વાત આરબીઆઈના આ અહેવાલમાં કરવામાં આવી હતી. તમામ હેવી વેટ બેંકિંગ શેર મંદી સાથે બંધ રહ્યા હતા. આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. તેમાં ૧.૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એક્સીસ બેંકમાં ૦.૫ ટકાનો અને એસબીઆઈમાં ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. એચડીએફસી અને તાતા મોટર્સમાં નજીવો સુધારો રહ્યો હતો. ઈન્ફોસિસમાં ૧.૭ ટકા, બજાજ ઓટોમાં ૧.૭ ટકા, એમએન્ડએમમાં ૧.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિશ્ર સ્થિતિ રહી હતી. બીએસઈ મિડકેપમાં ૦.૧૦ ટકાનો ઘટાડો રહ્યો હતો.

જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૨૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. ગિતાંજલી જેમ્સમાં ૯.૫ ટકાનો સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. મિડકેપમાં આમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. બીએસઈ મેટલ, ઓઈલ એન્ડ ગેસ, એફએમસીજી ઈન્ડેક્સમાં તેજી રહી હતી. રિયાલિટી ઈન્ડેક્સમાં ૧.૭ ટકાનો ઘટાડો અને બેંકીંગ ઈન્ડેક્સમાં ૦.૮ ટકાનો ઘટાડો થયો હતો. આઈટી ઈન્ડેક્સમાં ૦.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો.

પાણી મફત અપાશે

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

આ અગાઉ બિમાર થઈ જવાના કારણે ઓફિસ નહીં પહોંચેલા મુખ્યમંત્રી કેજરીવાલે દિલ્હી જળ બોર્ડના અધિકારીઓને પોતાના કોસંબી સ્થિત આવાસ પર બેઠક માટે બોલાવામાં આવ્યા હતા. કેજરીવાલને ૧૦૨ ડિગ્રી તાવની સાથે સાથે ડાયરિયાની પણ અસર થઈ છે. તબિબોએ ઘરે આરામ કરવાની સલાહ આપ્યા બાદ કેજરીવાલે આજે ઓફિસ નહીં જવાનો નિર્ણય લીધો હતો ત્યારબાદ તેઓએ જળબોર્ડના અધિકારીઓને ઘરેજ બોલાવ્યા હતા. આ અગાઉ કેજરીવાલની તબિયત બગડી ગયા બાદ એવી અટકળો ચાલી રહી હતી કે ૭૦૦ લીટર મફત પાણીની વ્યવસ્થા હાલ અમલી બનશે નહીં અને આ જાહેરાતને ટાળી દેવામાં આવશે. કેજરીવાલે ટ્વિટર મારફતે આ અંગેની માહિતી આપી હતી.

કેજરીવાલે લખ્યુ હતુ કે પાણીને લઈને આજે જાહેરાત થનાર હતી પરંતુ બિમાર થઈ જવાના કારણે તેઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે. બેઠક માટે સાંજે ૪.૦૦ વાગ્યે દિલ્હી જળ બોર્ડના અધિકારીઓ કેજરીવાલના આવાસ પર પહોંચ્યા હતા. કેજરીવાલની સારવાર કરી રહેલા તબિબ બિપીન મિત્તલે કહ્યુ છે કે મુખ્યમંત્રીને એન્ટી બાયોટીક્સ દવા આપવામાં આવી રહી છે. પોતાની ઓફિસ જવા માટે કેજરીવાલ ઉત્સુક દેખાઈ રહ્યા છે. ભારતીય રાજકારણમાં કેજરીવાલ એક નવી શક્તિ તરીકે ઉભરી રહ્યા છે. દિલ્હી ચૂંટણીમાં તેઓ કિલર તરીકે સાબિત થયા હતા. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં પણ તેઓ દાવેદાર ગણાઈ રહ્યા છે.

વિચાર યાત્રા *(પાના નં. ૪ નું ચાલુ)*

અમારી મુખ્ય સમસ્યા રાજકારણીઓ સાથે છે, કારણ કે મોટા ભાગના રાજકારણીઓ અમારા જેવા આમ આદમીમાંથી ખાસ બન્યા છે. ચૂંટણી વખતે એ લોકો મત માંગવા અમારી પાસે આવે છે અને અમે જાણે ખાસ આદમી હોય અને પોતે આમઆદમી હોય એવું અમારા મનમાં ઠસાવવાની કોશિષ કરે છે. આ જ રાજકારણીઓ અમારા માટે કાયદા ઘડે છે અને દેશનું અર્થતંત્ર ચલાવે છે. અમારા માટે જાતજાતની યોજનાઓ જાહેર કરે છે. ટૂંકમાં આ લોકો અમારો ઉદ્ધાર કરવાનો સતત દાવો કરતા રહે છે. હકીકત એ છે કે મોટા ભાગના રાજકારણીઓ અમને મદદરૂપ થવામાં નિષ્ફળ ગયા છે. આથી જ આજકાલ અરવિંદ કેજરીવાલ અને તેમના સાથીઓએ આવા રાજકારણીઓને પડકારવા નવા પક્ષની રચના કરી અને એને નામ પણ આમ આદમી પાર્ટી આપ્યું. ફેર એ ચેન્જ, અમે આ પક્ષને મત આપીને વિજયી બનાવ્યો છે. ભવિષ્યમાં આ પક્ષ સત્તા પર આવે એવી શક્યતા છે, પણ મને એ વિચાર આવે છે કે આનાથી અમને શો ફરક પડશે? ખરો આમ આદમી સત્તા પર ટકી શકે જ નહીં.

એ ખરું કે અત્યાર સુધી રાજકારણીઓએ અમારું બહુ શોષણ કર્યું, અમને આપેલા વચનો પાળ્યાં નહીં, વધુ પડતો ભ્રષ્ટાચાર કર્યો અને કૌભાન્ડ કર્યા. અતિશયોક્તિ થઈ એટલે અમે વિફર્યા અને આમ આદમી પાર્ટીને વિજય અપાવ્યો, પણ આમ આદમી પાર્ટી સત્તા પર આવશે તો શું થશે એની અમને ખબર નથી.આ જ લોકો ખાસ બની જશે એવી શક્યતા પૂરેપૂરી છે. તો પણ અમને શો ફરક પડશે? અમે તો માનીએ છીએ કે એક આમ આદમી ક્યારેય ખાસ આદમી બની શકતો નથી. અરવિંદ કેજરીવાલ અને તેમના સાથીઓને હું મનોમન એક જ વિનંતિ કરું છું કે તમે ભલે સત્તા પર આવો અને ખાસ આદમી પણ બની જાઓ. અમને વાંધો નથી. તમે અમારી પંચાણું ટકાની બહુમતીમાંથી નીકળીને પાંચ ટકાના ચડિયાતા જૂથમાં ભલે ભળી જાઓ. અમને વાંધો નથી. તમે પૈસા કમાઓ, નામના મેળવો અને જાહોજલાલીભરી લાઈફસ્ટાઈલ ભોગવો. અમને વાંધો નથી. ફક્ત એક જ વાતનું ધ્યાન રાખજો, આમ આદમીને તમે વધુ પડતા ન સતાવતા, કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ ન કરતા. આમઆદમી સામેના જુલમ વધી જાય ત્યારે એ જાગી ઠે છે અને ભલભલાને આકાશમાંથી નીચે પટકાવે છે. આમઆદમીમાં એટલી તાકાત છે એ તો તમે જાણો જ છો.

સમાચાર ઝલક

- ♥ *દિલ્હી અને ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ, દિલ્હીમાં વર્ષનું સૌથી ઓછું તાપમાન*
- ♥ *વડોદરામાં પ્રતાપ સિનેમાગૃહમાં આગ ભભુકી ઉઠી.*
- ♥ *આજે સાંજથી સી.જી. રોડ બંધ રહેશે, નવા વર્ષના વધામણાથી.*
- ♥ *પીડિતોના દુઃખ ભૂલી ઉત્તરપ્રદેશ સરકાર ઉત્સવો ઉજવવામાં લાગી.*
- ♥ *ફોર્મુલા વન રેસ ચેમ્પિયન માઇકલ શૂમાકર કોમામાં.*
- ♥ *શ્રીલંકાઇ નૌ સેનાએ ભારતીય માછીમારોની ધરપકડ કરી.*
- ♥ *રશિયામાં બીજો બોમ્બ વિસ્ફોટ, ૧૫ વ્યક્તિઓનાં મોત.*
- ♥ *પંજાબમાં ૫૦૦ એકરમાં અદ્યતન કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન કરતા મનમોહનસિંહ.*
- ♥ *અંબાડી ડેપોમાંથી સરકારી કાર્યક્રમોમાં બસો ફાળવતા મુસાફરો પરેશાન.*
- ♥ *અરવિંદ કેજરીવાલની નાદુરસ્ત તબિયત, તાવની અસર.*
- ♥ *ટોરેન્ટો અને અર્જેન્ટિનામાં ભારે વરસાદથી હજારોઘરોમાં અંધારપટ છવાયો છે.*
- ♥ *નવા વર્ષમાં વીમા કંપનીઓ ૫૦૦ નવી પોલિસીઓ લાવનાર છે.*
- ♥ *માધુપુરા યુનિયન બેંકનું એટીએમ તોડીને રોકડની ચોરી થઇ.*
- ♥ *આગામી દિવસોમાં રાજકીય ધ્રુવીકરણ થવાના અણસાર, મોટા માથા રાજકીય પક્ષો બદલશે.*
- ♥ *મુંબઇમાં ૭ કરોડની ડ્રગ્સ ઝડપાઇ, ૩ આરોપીઓની ધરપકડ.*
- ♥ *અભિનેત્રી સુચિત્રાસેન આઇ.સી.યુ.માં, શ્વાસની તકલીફ.*